# શાળાઓમાંથી તાલીમ વિહોણા શિક્ષકો શોધીને સરકારે દૂર કવા જોઈએ

ગુજરાત સરકારે ગત સપ્તાહમાં વિધાનસભામાં કબૂલ કર્યું કે, ગુજરાતમાં તાલીમ વિહોણા શિક્ષકો શાળામાં શિક્ષક તરીકે કામ કરે છે. ત્યારે કહેવાનું મન થાય કે, આ સરકાર ભવિષ્યમાં એવું પણ કહે તો આપણે નવાઈ નહિ પામીએ કે, ગુજરાતમાં આટલા ડોકટરો ડિગ્રી લીધા વિના હોસ્પિટલમાં ફરજ બજાવે છે અથવા તો પોતાના દવાખાના ચલાવે છે. સાથે કદાચ એવી પણ કબૂલાત કરશે કે ગુજરાતમાં આટલા ડ્રાયવર પાસે લાયસન્સ નથી છતાં લક્ઝરી બસ કે રિક્ષા ચલાવે છે. અહી શિક્ષણ માટે સરકારની પ્રાથમિકતા દેખાઈ આવે છે. શું અત્યારની સરકાર તાલીમ લીધા વિનાના શિક્ષકો દ્વારા શિક્ષણ આપવા દઈને બાળકોના ભવિષ્ય સાથે ખિલવાડ કરે છે કે શું ? શું અત્યારની સરકાર વાલીઓને મજબૂર કરે છે કે તમારે તમારા બાળકોને ભણાવવા હોય તો તાલીમ લીધા વિનાના શિક્ષકો પાસે પણ ભણાવવા પડશે. બીજી રીતે વાત કરીએ તો તાલીમ વિહોણા શિક્ષકો શાળામાં ભણાવે છે તેવું આ સરકારમાં જ ચાલે છે એવું પણ નથી, ભૂતકાળની સરકારોએ પણ ચલાવ્યું અને આજની સરકાર પણ ચલાવે છે. જે સાબિત કરે છે કે, ગુજરાતની વેપારી પ્રજા શિક્ષણ માટે ચોક્કસ આગ્રહ રાખતી નથી.

શિક્ષક બનવા અને શૈક્ષણિક કામ કરવા માટે તાલીમની કેટલી જરૂર છે એ વાત સમજવા માટે કેટલાક ઉદાહરણ જોઈએ. ધારી લો કે, એવા ઘણાં લોકો હોય કે જેને ડોક્ટર તરીકેની તાલીમ લીધી નથી. તો શું તે સારી રીતે ઓપરેશન કરી શકશે ? દર્દીને ઇન્જેક્શન આપી શકશે ? દર્દીને કયો રોગ છે અને તે કેવી રીતે દૂર કરાશે? આવું ડોક્ટરની ડીગ્રી લીધા વિના લોકો કરશે તો સમાજ કે સરકાર કરવા દે છે? બીજી ધારણા ધારો કે એવા લોકો છે કે જેણે ડ્રાયવર તરીકેની તાલીમ લીધી નથી, તેની પાસે ડ્રાયવીંગનું  લાયસન્સ નથી, તો શું સમાજ કે સરકાર તેને વાહન ચલાવવા દેશે? આવા તો અનેક ઉદાહરણ આપી શકાય કે જ્યાં તાલીમ વગર કામ કરાય નહિ અને કરવા પણ ના દેવાય. ત્યારે પ્રશ્ન એ થાય કે, તો તાલીમ વગરના માણસોને શિક્ષકનું કામ કેમ કરવા દેવામાં આવે છે ? જેમ ડોક્ટર, ડ્રાયવર કે ઘણાં વ્યવસાયમાં તાલીમની જરૂર પડે છે તેમ શિક્ષકના વ્યવસાયમાં પણ તાલીમની જરૂર પડે જ. છતાં આપણી સરકાર ચાલવા દે છે અને આપણો સમાજ મૂંગો રહીને ચલાવી લે છે.

એક કલ્પના કરો કે, પાણીમાં તરવા માટે કોઈ આપણને મૌખિક રીતે શીખવાડે કે, પાણીમાં પડીને હાથ-પગ હલાવવાના. બસ બીજું કશું કરવાનું નથી. તો આટલું જ્ઞાન લઈને આપણે પાણીમાં કૂદકો મારીશું? અરે, ડોક્ટરને ઇન્જેક્શન આપતા આપણે અનેકાનેક વાર જોયા છે. તો શું આપણે ઇન્જેક્શન આપી શકીશું? કાર ચલાવતી વખતે બાજુમાં બેઠેલ જેને કાર ચલાવતા આવડતું નથી, છતાં સૌથી વધારે સલાહ એ જ આપે છે, તો આ સલાહ આપનારને કાર ચલાવવા સોંપીશું? અહી બધા પ્રશ્નોના જવાબ ના જ આવશે, માત્ર શિક્ષણ જ એવો વ્યવસાય છે કે જેમાં શિક્ષક તરીકે તાલીમ લીધી ના હોય, શિક્ષક તરીકે જરૂરી કૌશલ્યો કે ગુણો ના હોય તો પણ આપણે તેને વર્ગખંડમાં ચલાવી લઈએ છીએ અને 'સાહેબ' કહીને બોલાવીએ છીએ. જે રાષ્ટ્રની પ્રજાને સારું શિક્ષણ ના મળ્યું હોય તે પ્રજા હમેશાં પામર જ રહે. તો શું આપણે આપણી ભવિષ્યની પેઢીને પામર બનાવવા માંગીએ છીએ?

શિક્ષક બનવા માટે ચોક્કસ પ્રકારના કૌશલ્યો હોવાં જ જોઈએ. જેમકે, વિષયાભિમુખ, પ્રશ્નપ્રવાહિતા, સ્પષ્ટીકરણ, ઉદાહરણ, કા.પા. કામ, ઉત્તેજના પરિવર્તન, વગેરે, આવાં તો અનેક કૌશલ્યો છે. જે હસ્તગત કરેલ હોય તો જ શિક્ષક તરીકે કામ કરી શકાય. એટલું જ નહિ શિક્ષક બનવા માટે મનોવિજ્ઞાન શીખવું પડે, તો જ બાળકના મનને વાંચી શકાય. એટલું જ નહિ શીખવવા માટે ઉપયોગમાં લેવાતી અનેક પદ્ધતિઓ છે તે

તમામ પદ્ધતિનું જ્ઞાન અને મહાવરો હશે તો જ વર્ગમાં બાળકોને જુદી જુદી પદ્ધતિથી શીખવી શકાય. આમ શિક્ષણનું પદ્ધતિશાસ્ત્ર પણ શીખવું પડે. શિક્ષક માટે ગણિત-વિજ્ઞાન, ભાષા કે સામાજિક વિજ્ઞાન જેવા વિષયોનું માત્ર જ્ઞાન હશે તો નહિ ચાલે. એ જ્ઞાનને પિરસતા પણ આવડવું જોઈએ. અલગઅલગ બુદ્ધિઆંક, વાતાવરણ, વારસસૌ, રસ અને આવડત ધરવતા બાળકો એક જ વર્ગમાં ભણવા બેઠેલા હોય છે ત્યારે બધા જ બાળકો રસથી સારી રીતે ભણે તે માટે બીજું ઘણું ઘણું જ્ઞાન અને કૌશલ્યો શિક્ષક પાસે જોઈએ. જે શિક્ષકની તાલીમ લીધેલ હોય તેની પાસે જ હોય. માત્ર સૈદ્ધાંતિક જ્ઞાનથી શિક્ષક ના બનાય અને બનવા પણ ના દેવાય.
સુપ્રીમ કોર્ટમાં દેશના તમામ રાજ્યોએ એવી ખાતરી આપી હતી કે, વર્ષ ૨૦૧૬ સુધીમાં રાજ્યની શાળાઓમાં તાલીમ વિહોણા શિક્ષકોને કામ નહિ કરવા દઈએ. તે અંતર્ગત ગુજરાત સરકારે પણ તાલીમી શિક્ષકોનો આગ્રહ રાખેલો. પણ ટૂંક સમયમાં તે પરિણામ ના મળતાં વર્ષ ૨૦૧૯ સુધી છૂટ આપેલી. ત્યારબાદ આજે ૨૦૨૧માં પણ તાલીમ વિહોણા શિક્ષકો કામ કરે છે તે દુ:ખની વાત છે, આ દુ:ખ દૂર કરવું તે સરકારના હાથમાં છે. બહુ જ ઝડપથી તાલીમ વિહોણા શિક્ષકો શોધી કાઢવા જોઈએ અને તેમને શિક્ષક તરીકેના વ્યવસાયથી દૂર કરવા જોઈએ. હા, આનંદની વાત એ છે કે, ગુજરાતમાં સરકારી શાળાઓમાં એકપણ શિક્ષક તાલીમ લીધા વિનાનો નથી. એટલું જ નહિ શિક્ષક બનવા માટેની ડીગ્રી લીધા પછી પણ સારી વ્યક્તિ જ શિક્ષણમાં આવે તે માટે ટાટ અને ટેટ જેવી પરીક્ષાઓ પણ છે. તાલીમ વિહોણા શિક્ષકો ખાસ કરીને ખાનગી શાળાઓમાં જોવા મળે છે. એટલા માટે કે, આવા શિક્ષકોની ભરતી કરીને સંચાલકો તેમને કહે છે કે, તમારી પાસે ડીગ્રી નથી, લાયકાત નથી અમે તમને આટલો જ પગાર આપીશું વગેરે. આમ ઘણાં સંચાલકો આવા શિક્ષકોને રાખીને ઓછો પગાર આપીને, શિક્ષણ અને બાળકોનું અહિત કરીને નફો કમાવવાનો પ્રયત્ન કરે છે. આવા સંચાલકોને શિક્ષક નથી જોઈતો પણ બાળકો સામે ઊભો રહે તેવો માણસ જોઈએ છે. જે બાળકોને ભણાવે નહિ તો ચાલે પણ સાચવીને આખો દિવસ બેસાડી તો રાખે. વાલીને ક્યાં એટલો રસ છે કે તે પૂછવાના છે કે શિક્ષક કોંણ છે? તેમની પાસે શિક્ષકની ડીગ્રી છે કે કેમ? બીજી બાજુ ડીગ્રી વગર નોકરી મળી જાય તો તેનાથી વધુ ફાયદો બીજો હોઈ ના શકે તેમ માનીને ડીગ્રી લીધા વગર ઘણાં લોકો શિક્ષક તરીકે ફરજ બજાવે છે. હા, એમાં કેટલાક શિક્ષકોને ડીગ્રી લેવાની ઈચ્છા છે, પણ તાલીમ લીધા વગર ડિગ્રીનું સર્ટીફીકેટ જોઈએ છે. સરકારે શિક્ષકની તાલીમ આપતી ઘણી ઘણી સગવડતા કરી જ છે. અરે, આજે પણ મોટાભાગની કોલેજોમાં સીટ ખાલી છે. ત્યારે તાલીમ વગરના શિક્ષકોને રાખતા સંચાલકો અને તાલીમ વિહોણા શિક્ષકો સામે સરકારે મક્કમતાથી પગલાં ભરવા પડશે. આ માટે કડક કાયદાની જોગવાઈ કરવી પડશે. આવું કામ કરતા સંચાલકો કે શિક્ષકોના આ કાર્યને રાષ્ટ્રવિરોધી ગણીને તે લોકોને દેશદ્રોહી ગણીને શિક્ષા કરવી જોઈએ. ડોક્ટરની તાલીમ વગર ખાનગી હોસ્પિટલમાં કે પોતાની જગ્યામાં ડોક્ટરનું કામ ના કરી શકાય, ડ્રાયવરની તાલીમ લીધા વગર ખાનગી કે પોતાના વાહનો પણ ના ચલાવી શકાય તેમ શિક્ષક તરીકેની તાલીમ લીધા વગર ટ્યુશન ક્લાસમાં પણ કામ ના કરી શકાય તેવો આગ્રહ પણ હોવો જોઈએ.
ઘણી શાળાઓમાં આવા તાલીમ લીધા વગરના શિક્ષકો કામ કરે છે તેમાં કેટલાક અંશે વાલી પણ જવાબદાર ગણાય. વાલીઓ શા માટે આવી શાળાઓમાં પોતાના બાળકને મૂકે છે? બાળકને શાળામાં મૂકતા પહેલા ચકાસણી કરવી જોઈએ કે, શાળામાં કેટલા શિક્ષકો છે અને કઈ ડીગ્રી ધરાવે છે વગેરે. વાલી સામા પગલે જ બાળકોને આવી શાળામાં મોકલશે તો સંચાલકોને મનભાવતું મળી જશે. આજનો વાલી બાળકના કપડાંની પસંદગીમાં, રેસ્ટોરન્ટમાં જઈને મેનુ જોઇને ઓર્ડર આપવામાં, પોતાનો મોબાઈલ ખરીદવામાં જેટલો રસ લે છે કે પૂછપરછ કરે છે એનાથી સોમા ભાગનો રસ કે પૂછપરછ પોતાના બાળકના શિક્ષણમાં નથી લેતો.
**અશોકી** : શિક્ષણ માટે સારા મકાન કરતાં સારા શિક્ષકો વધુ મહત્વના છે. શિક્ષણ એ જીવંત પાત્રો સાથે સતત ચાલતી પ્રક્રિયા છે. જેમાં જ્ઞાન કરતાં કૌશલ્યો વધુ મહત્વનાં છે.